જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૪/૨૦૧૫ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૮૨૩/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૧૪૪ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ. અને ૫૮ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૨૪/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૨૫/૧૫

સાબરમતીઃ ગૌરવ દુર્ગેશકુમાર સલુજી (રહે.દયાનંદ સોસાયટી કબીરચોક પાસે સાબરમતી) એ તા.૨૪/૪/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધવી છે કે તા.૨૨/૪/૧૫ થી તા.૨૩/૪/૧૫ રાત સુધીના સમયગાળા દરમ્યાન પોતાના એકાઉન્ટમાંથી અજાણી વ્યક્તિએ રૂપિયા ૮૦,૦૬૬/- ઉપાડી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એલ એસ ચૌધરી ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૮૨૬/૧૫

રામોલઃ નિતેશભાઈ સોમાભાઈ પટેલ (રહે.સત્યનારાયણ હિલ ઉત્સવ સીટીની બાજુમાં સ્વામિનારાયણ મંદિર પાસે વસ્ત્રાલ) એ તા.૨૪/૪/૧૫ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધવી છે કે તા.૨૨/૪/૧૫ રાતના ૯/૦૦ થી તા.૨૩/૪/૧૫ રાતના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૭૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી આઈ સોલંકી ચલાવે છે.

## સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૮૨૭/૧૫

રામોલઃ રેખાબહેન દિનેશભાઈ શાહ (ઉ.વ.૩૦) (રહે.પ્રણામી બંગલોઝ વસ્ત્રાલરોડ રામોલ) તા.૨૪/૪/૧૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે સહજ રેસીડન્સી સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રેખાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રેખાબહેન શાહે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી આઈ સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૮૨૮/૧૫</u>

રાણીપઃ ઘનશ્યામભાઇ ગંગાચરણ શર્મા (રહે. શાંતીનિવાસ વિજયમીલ પાસે નરોડા) એ તા.૨૧/૪/૧૫ બપોરના ૨/૦૦ વાગે કલેક્ટર કચેરી બહાર એસબીઆઈ એટીએમ નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ સીવી ૭૪ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી દોઢ કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ ઘનશ્યામભાઈ શર્માએ તા.૨૪/૪/૧૫ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશકુમાર રામગોપાલ ચલાવે છે.

વટવાઃ (૧) સમસુદ્દીન અબ્દુલરહેમાન શેખ (રહે.ગફુર બસ્તી ખાનવાડી રામોલ નારોલ) એ તા.૧૦/૪/૧૫ સાંજના ૭/૩૦ વાગે વટવા કુત્બેઆલમ દરગાહ નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૨૭ ટી ૧૪૭૧ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૩૦ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ સમસુદ્દીન શેખે તા.૨૪/૪/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી જી વસાવા ચલાવે છે.

(૨) લક્ષ્મણ નરેન્દ્રસિહ દરબાર (રહે.સુદામા એસ્ટેટ વિન્ડસમ હોટલની ગલીમાં નારોલ) એ તા.૨૪/૪/૧૫ સાંજના ૬/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ સીવી ૯૨૬ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ અંગેની ફરીયાદ લક્ષ્મણ દરબારે વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ સી ઝાલા ચલાવે છે.

<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૮૨૯/૧૫</u>

ખાડીયાઃ સુમનબહેન રાયસંગભાઈ સાથલીયા (ઉ.વ.૩૦) (રહે.ખોડીયારનગર બરવાળા જીલ્લો બોટાદ) એ ખાડીય પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધવી છે કે તા.૨૪/૪/૧૫ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે સુમનબહેનના માતા રતનબહેન માણેકચોક રાણીના હજીરા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સફેદ રંગની મારૂતિ જેવી ફોર વ્હિલના ચાલકે વાહન બેદરકારીથી ચલાવી રતનબહેનને ટક્કર મારતા સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી ડી પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૮૩૦/૧૫

એલીસબ્રીજઃ ઈકબાલભાઈ અબ્દુલલતીફ કાગદી (ઉ.વ.૪૫) (રહે.શાહપુર) એ નસ પકડાઈ જવાની બિમારીથી કંટાળી તા.૨૪/૪/૧૫ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે સરદારબ્રીજ ખાતે નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ફતેસિહ રૂપાભાઈ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)